ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

નડિયાદમાં સોસાયટીના રહીશોએ ડમ્પિંગ સાઈટ પર કચરો નાખવા આવેલા ટ્રેક્ટરોને અટકાવ્યા

નડિયાદમાં ડમ્પિંગ સાઈટ મામલે મનપા અને રહીશો આમને-સામને

અધિકારીઓએ સમજાવટથી કામ લઇ મામલો થાળે પડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.12

નડિયાદમાં કમળા રોડ પર ડંમ્પીગ સાઈટ ફરી વિવાદમાં આવી છે. અહીંયા લાંબા સમયથી કચરાઓના થર છે તેને સળગાવવામાં આવતા હોવાથી ધુમાડો દોઢ-બે કીમી વિસ્તારમાં ફેલાય છે. આ ફોગીગની સમસ્યાથી આ ડંમ્પીગ સાઈટની આસપાસ રહેતા સ્થાનિકો આ સમસ્યાથી અકળાયા છે. આ મામલે આજે ઉહાપોહ થતા અધિકારીઓ દોડી આવ્યા હતા અને મામલો થાળે પાડ્યો હતો.

નડિયાદ શહેરને મહાનગરપાલિકામાં રૂપાંતર થયા બાદ સ્વચ્છતા પર ભાર મૂકવામાં આવ્યો છે. જેના કારણે કમળા રોડ પરના ડમ્પીંગ સાઈટ પર કચરાનો જથ્થો એકાએક વધી ગયો છે. મહાનગરનો તમામ કચરો અહીંયા આવે છે. જોકે છેલ્લા લાંબા વર્ષોથી અહીંયા આ ડમ્પીંગ સાઈટ પર કચરો આકસ્મિક રીતે સળગતા તેના ધુમાડો દોઢ-બે કીમી સુધી પ્રસરે છે. જે બાજુ પવન હોય એ બાજુ ધુમાડો પ્રસરે છે અને હવાને પ્રદુષિત કરે છે. આ દોઢ-બે કીમી પટ્ટાના વિસ્તારમાં આવેલી સોસાયટીઓના રહીશોને રાત્રે નીકળવું હોય તો 10 વખત વિચાર કરવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. રાત્રે ઘરમાં પુરાઈ રહેવુ પડે છે અથવા તો બહાર નીકળો તો માસ્ક અને રૂમાલનો સહારો લેવો પડતો હોય છે. આ અસરગ્રસ્ત વિસ્તારો જોઈએ તો, કમળા, મંજીપુરા, વનમાળી નગર, જવાહરનગરનો સમાવેશ થાય છે.

ગતરોજ સ્થિતિ ખુબજ ગંભીર બની હતી અને રાત્રે આ અસહ્ય ધુમાડાથી વિઝબીલીટી ઘટતા સ્થાનિકો અકળાયા હતા અને આજે બુધવારે સવારથી જ આ ડમ્પીંગ સાઈટની દોઢ-બે કીમી વિસ્તારમાં આવેલી 80-85 જેટલી સોસાયટીના રહીશોએ ડમ્પીંગ સાઈટ પર પહોંચી ત્યાં કચરો ઠાલવવા આવતી કોર્પોરેશનના ટ્રેક્ટરોને ડમ્પીંગ સાઈટની અંદર જતાં અટકાવ્યા હતા. જેના કારણે કચરાના નિકાલ માટે આવેલા ટ્રેક્ટરો રોડ પર ઊભા થઈ ગયા હતા. બીજી બાજુ સ્થાનિકો એટલી હદે આ સમસ્યાથી કંટાળી ગયા હતા કે, ઉપરોક્ત સોસાયટીના અંદાજે 100-150 યુવાનોએ ડમ્પીંગ સાઈટ ગેટ પાસે જ તંબુ બાંધી ધરણાં પર બેસી ગયા હતા અને તમામ કચરાના ટ્રેક્ટરને અટકાવ્યા હતા. જોકે ઘટનાની જાણ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓને થતાં તેઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને સંપૂર્ણ નિરિક્ષણ કરી સળગી રહેલા કચરા પર પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લીધી હતી અને પ્રાથમિક તબક્કે નિરાકરણ લાવવા પ્રયાસ કર્યા હતા. પરંતુ આ કામયમી પ્રશ્ન હોય કાયમી ધોરણે નિકાલ લાવે તેવી માંગ ધરણાં પર બેઠેલા સ્થાનિકોએ કરી છે.

અધિકારીઓ વાસ્તવિકતા જોતા નથી

નડિયાદ મનપા બન્યા બાદ શરૂઆતથી જ સ્વચ્છતાની બૂમરેંગ કરાઈ હતી. જો કે, શરૂઆતી તબક્કામાં માત્ર સ્વચ્છતા અંગે ફોટોસેશન કરાવી લીધા બાદ આ અંગેની વાસ્તવિક પરીસ્થિતિ અંગે જાણવામાં ઉચ્ચ અધિકારીઓએ રસ દાખવ્યો નથી. પરીણામે જ શહેરમાં હજુ પણ પારાવાર ગંદકીના થર છે. તો સાથે જ સ્વચ્છતા સાથે સંકળાયેલા ડમ્પિંગ સાઈટનો પ્રશ્ન પણ નાગરીકો માટે માથાનો દુઃખાવો બન્યો છે.

કચરો સળગાવતા બહાર નિકળવું મુશ્કેલ

આ સમગ્ર મામલે મંજીપુરા રોડ પર આવેલ નવબંધુ સોસાયટીમાં રહેતા પરેશભાઈ પટેલે જણાવ્યું કે, આ ડંમ્પીગ સાઈટ પર કચરાને સળગાવવામાં આવે છે જેનાથી ધૂમાડો થતા સ્થિતિ ખુબજ ગંભીર બને છે. નાના બાળકો, વૃદ્ધ વડીલોને ઘરની બહાર નીકળવું હોય તો માસ્ક અને રૂમાલનો સહારો લેવો પડે છે. અમે અગાઉ ઘણી જગ્યાએ રજૂઆત કરી છે કલેક્ટરમા પણ આમ છતાં કોઈ નિરાકરણ આવતું નથી. NGPમા પણ કેસ ચાલુ છે.

તહેવારો ટાણે કર્મચારીઓને પૈસાના ફાંફા પડતાં તહેવાર બગડ્યો

નડિયાદ મનપામાં પગારની 'હોળી' : કર્મચારીઓમાં રોષ

પી.એફ. જમા ન કર્યુ હોવાથી એજન્સીના નાણાં રોક્યા છે : કમિશ્નર

3-3 મહિનાના પીએફ જમા કર્યા છે, મનપા નાણાં આપે તો બાકીના થઈ શકે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.12

નડિયાદ મહાનગરપાલિકા બની ગઈ, પરંતુ અધિકારીઓની કામ કરવાની મંથર ગતિએ કર્મચારીઓની હાલત કફોડી કરી નાખી છે. આખી મનપા કચેરીમાં કમ્પ્યુટર ઓપરેટરથી લઈ કામના ભારણવાળા ટેબલ સંભાળતા આઉટસોર્સ કર્મચારીઓએ આજે કમિશ્નર સમક્ષ 10 મહિનાનો પગાર ન મળ્યો હોવાની હૈયાવરાળ ઠાલવી હતી. જો કે, કમિશ્નર દ્વારા હજુ પણ ક્યારે પગારના નાણાં ચુકવશે, તે અંગે સ્પષ્ટતા કરી નથી. જેથી કર્મચારીઓને તહેવાર ટાણે નાણાંકીય તંગી ઉભી થઈ છે.

નડિયાદ મનપામાં 150 ઉપરાંત આઉટસોર્સના કર્મચારીઓ મહેસાણાની રાધે એજન્સી થકી ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓને છેલ્લા 10 મહિના ઉપરાંતના સમયથી પગાર ચુકવાયો નથી. આ મામલે આજે કર્મચારીઓ એકત્ર થઈ સીધા કમિશ્નર પાસે પહોંચ્યા હતા અને પોતાની વેદના ઠાલવી હતી. જો કે, આ કર્મચારીઓનો પગાર ક્યારે થશે, તે અંગે ખુદ કમિશ્નર પણ ચોક્કસ દિવસ જણાવી શક્યા નથી. આ મામલે કમિશ્નર જી. એચ. સોલંકી સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, એજન્સીએ કર્મચારીઓને પી.એફ.ના નાણાં ચુકવ્યા નથી. જેના કારણે બિલ રોકવામાં આવ્યુ છે. આ તરફ રાધે એજન્સીના ચિરાગભાઈ રાવલ સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, મનપા અને મેલેરીયા સહિતના કર્મચારીઓના મળી 3-3 માસના પી.એફ. ચુકવી અને તેના ચલણ સહિતની વિગતો મનપામાં રજૂ કરી દેવાઈ છે. પરંતુ હજુ સુધી બિલ ચુકવાયુ નથી. મનપા તંત્ર નાણાં ચુકવે તો બાકીના પગાર અને પી.એફ. કરી શકાય તેમ છે. અત્યાર સુધી નગરપાલિકા તંત્રએ પગાર પેટે એક પણ ચેક આપ્યો નથી. તેમ છતાં કર્મચારીઓના એજન્સીથી શક્ય હતા, તેટલા પગાર કર્યા છે. ત્યારે તંત્ર અને એજન્સીની આ બાબત વચ્ચે કર્મચારીઓની હાલ નધણિયાંત જેવી થઈ છે. તેમાંય ખાસ કરીને આ કર્મચારીઓ ગરીબ અને મધ્યમ વર્ગમાંથી આવે છે, જે કર્મચારીઓ હાલ તહેવારના ટાણે નાણાં વગર ટળવળી રહ્યા છે અને એટલે જ આજે કમિશ્નર સમક્ષ હૈયાવરાળ ઠાલવી હતી, પરંતુ હજુ પણ ચોક્કસ નિષ્કર્ષ આવે તેમ જણાતુ નથી. ત્યારે અનેક આઉટસોર્સ કર્મચારીઓએ તો વ્યાજે નાણાં લઈ પોતાનું ગુજરાન ચલાવવાનો વખત આવ્યો છે. આવા સમયે મનપા તંત્રએ કર્મચારીઓના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગણી પ્રબળ બની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નડિયાદ મહાનગરપાલિકામાં પગારનો પ્રશ્ન નવો નથી. અગાઉ નગરપાલિકાના દરજ્જા સમયે પણ આ જ મુદ્દે વારંવાર દેખાવો યોજવામાં આવ્યાં હતાં. પરંતુ કોઈ કાયમી પગલાં ભરાયાં નહતાં.

પી.એફ. ન ચુકવે તો મનપાને પેનલ્ટી થાય

આ સમગ્ર મામલે કમિશ્નર જી.એચ. સોલંકીએ જણાવ્યુ હતુ કે, એજન્સીએ કર્મચારીઓને પી.એફ. ચુકવ્યા નથી. પી.એફ. ન ચુકવે ત્યાં સુધી અમે એજન્સીને નાણાં ચુકવી શકીએ નહીં, બાકી મનપા તંત્રને પેનલ્ટી થાય તેમ છે. જો કે, સમગ્ર મામલે અગાઉ નગરપાલિકા તંત્રએ એજન્સી સાથે કરેલા કરારમાં સ્પષ્ટ ઉલ્લેખ્યુ છે કે, કર્મચારીઓના પગારથી માંડી અને પી.એફ.ની જવાબદારી એજન્સીના શીરે રહેશે. જેથી મનપાએ તો કરારમાં જ હાથ અધ્ધર કરી લીધેલા હતા.

મનપા નિર્દોષ તો RTIની માહિતીમાં ઠાગાઠૈયા કેમ?

મનપાના તંત્રના જણાવ્યા મુજબ આઉટસોર્સ કર્મચારીઓ મામલે પોતે નિર્દોષ છે. તેવા સંજોગોમાં નડિયાદ શૈલેષ પટેલ દ્વારા આઉટસોર્સ એજન્સી સબંધે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરાઈ છે, જેમાં પ્રથમ અપીલ અને બીજી અપીલમાં માહિતી આપવાનો હુકમ થયો હોવા છતાં હજુ સુધી માહિતી પૂરી પાડી નથી. તો સાથે જ અરજદારે આ મામલે પી.જી. ઓનલાઈન પોર્ટલ પર પણ નગરપાલિકાના તત્કાલિન ચીફ ઓફીસર અને હાલના ડે. કમિશ્નર સામે ગંભીર આક્ષેપો સાથેની ફરીયાદ પણ કરી છે.

ટેન્કર પલટતા કેમીકલ યુક્ત ધુમાડાથી 12ની તબિયત લથડી હતી

ટેન્કરમાંથી સલ્ફર ડ્રાય ઓક્સાઈડ કેમીકલનો ધુમાડો હવામાં ભળ્યો

પ્રશાસને પલટી મારે ટેન્કર પર માટીનો મારો ચલાવી ગળતર થતુ અટકાવ્યુ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.12

નડિયાદ નજીક એક્સપ્રેસ-વે પર એક સલ્ફર ડ્રાય ઓક્સાઈડ નામનું કેમિકલ ભરેલી ટેન્કર પલટી ગઈ, આ પછી શરૂઆતી ચારેક કલાક સુધી ધુમાડાના ગોટેગોટા વળ્યા અને ટેન્કર પલટી ત્યાંથી નજીકના ચારેક ગ્રામ્ય વિસ્તારોને ઝપેટમાં લઈ લીધા. આ દરમિયાન ફાયરની ટીમ દ્વારા માટી લાવી અને ટેન્કર પર ઠાલવી ગળતર થતુ અટકાવ્યુ હતુ.

ગતરોજ જે રીતે ટેન્કર પલટી ગયા બાદ તેમાં રહેલુ સલ્ફર ડ્રાય ઓક્સાઈડ નામનું કેમિકલ સળગી ઉઠ્યુ અને તેમાંથી ધુમાડાના ગોટેગોટા વળ્યા અને સલુણ, મરીડા અને બિલોદરા ગામમાં અને નડિયાદના કેટલાક સીમ વિસ્તારમાં આ ધુમાડો ફેલાઈ ગયો હતો. આ દરમિયાન ધુમાડાને કાબુમાં લેવો મુશ્કેલ પડ્યો હતો. પરંતુ લાંબી જહેમતના અંતે નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા માટી આ ટેન્કર અને કેમિકલ પર ઠાલવવામાં આવી હતી અને તેના થકી કેમિકલનું ગળતર થતુ અટકાવાયુ હતુ. જો કે, આ વચ્ચે જે ગામોમાં ધુમાડો પ્રસરી ગયો, ત્યાં લોકોને કાન, નાક, આંખ અને ગળામાં કરતરની સમસ્યા થવા લાગી હતી. પ્રશાસને તાત્કાલિક 300 લોકોનું સ્થળાતંર કરાવ્યુ અને દરમિયાન ગામમાં જ્યાં અસર ઓછી હતી, ત્યાં લોકોને બારી-બારણાં બંધ કરી ઘરમાં રહેવા સૂચન કરાયુ હતુ. ફાયર બ્રિગેડ સુપરિન્ટેન્ડેન્ટ દીક્ષિત પટેલના જણાવ્યા મુજબ, રાત્રે 11:30 વાગ્યે આગ અને ધુમાડો કાબૂમાં આવ્યો હતા. ટેન્કર પર માટી નાંખવામાં આવી હતી. જેથી ગળતર અટક્યું હતું.

નડિયાદમાં સિટી બસ રોડ નજીક પાર્ક કરતાં હાલાકી

મુખ્ય રોડની સાઈડમાં પખવાડિયાથી સીટી બસો ધૂળ ખાતી હાલતમાં છોડી દેવાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.12

નડિયાદ શહેરમાં પુનઃ શરૂ કરાયેલી સીટી બસ સેવા આકસ્મિક બંધ કરી દેવાઈ છે. આ સાથે જ સીટી બસો દબાણ સ્વરૂપે હાલ મુખ્ય રોડની સાઈડોમાં મુકી રાખવાની ફરજ પડી છે.

નડિયાદમાં આગોતરા આયોજન વિના મનપાએ સીટી બસ શરૂ કરાવી દીધી હતી. જો કે, આ સીટીબસનો જેને કોન્ટ્રાક્ટ અપાયો તે કોન્ટ્રાક્ટર દ્વારા સીટી બસના પાર્સિંગ કરાવવાથી માંડી કોઈ જરૂરી સરકારી દસ્તાવેજી પ્રક્રિયા કરી નહોતી. જે મામલે ફરીયાદો ઉઠતા સીટી બસો બંધ કરાવી દેવાઈ હતી. આ બસો બંધ કર્યાને પખવાડિયા ઉપરાંતનો સમય વીતિ ગયો છે, પરંતુ તેની દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરી શરૂ કરવામાં કોન્ટ્રાક્ટરે રસ દાખવ્યો નથી. એટલુ જ નહીં, આ સીટી બસમાં જે કર્મચારીઓએ ડ્રાઈવર અને કન્ડક્ટર સહિતની નોકરી કરી, તેમના મહિનાના પગાર ચુકવણા પણ બાકી છે. તો સાથે જ હાલ આ સીટી બસોને રેલવે સ્ટેશનની બિલકુલ બહાર મુખ્ય રોડની સાઈડમાં ફૂટપાથ પર દબાણ સ્વરૂપે મુકી રાખવામાં આવી છે. ત્યારે જ્યાં સુધી સીટી બસો શરૂ ન થાય ત્યાં સુધી અન્ય સ્થળે ખસેડવામાં આવે તેવી માંગણી ઉઠી છે.

સાયમામાં બે ભાઈએ ખેતર પચાવી પાડ્યું

ખેતરમાં કબજો કરી ખેડૂતની જાણ બહાર વાવેતર કરી નાંખ્યું

(પ્રતિનિધિ) ખંભાત તા.12

ખંભાતના સાયમા ગામમાં બે માથાભારે ભાઈએ ભેગા મળી ખેડૂતનું ખેતર પચાવી પાડ્યું હતું. આ ખેતરમાં વાવેતર પણ કરી નાંખ્યું હતું.

મુંબઈના બોરીવલીમાં રહેતા ઈલેશ અમૃતલાલ શાહની વડીલોપાર્જીત જમીન ખંભાતના સાયમા ગામમાં આવેલી છે. આ જમીનમાં છેલ્લા કેટલાક વરસોથી નરેન્દ્ર પૂનમ પટેલના પિતા પૂનમભાઈ ખેડવા લાગ્યાં હતાં. જોકે, આ જમીન ખાલી કરવા ઈલેશભાઈના દાદાએ જેતે સમયે કહ્યું હતું. પરંતુ પૂનમભાઈએ ખાલી કરી નહતી અને ધમકી આપી હતી. આમ, વર્ષ 1992થી આ જમીનનો ગેરકાયદે કબજો પૂનમ પટેલના કબજામાં હતી. બીજી તરફ ઈલેશભાઈના દાદા મુંબઈ જતા રહ્યાં હતાં. જોકે, વર્ષ 1993માં તેમનું અવસાન થયું હતું. જ્યારે ઈલેશભાઈના પિતા અમૃતલાલનું પણ 31મી જાન્યુઆરી,2020ના રોજ અવસાન થયું હતું. આ દરમિયાન ઈલેશભાઈએ જમીન પાછી આપી દેવા બન્ને ભાઈને જણાવતાં તેઓએ ધમકી આપી હતી. આ બાબતે લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરિયાદ આપતા કલેક્ટરે પોલીસ ફરિયાદનો હુકમ કર્યો હતો. આ હુકમ આધારે ખંભાત શહેર પોલીસે ઈલેશભાઈ શાહની ફરિયાદ આધારે નરેન્દ્ર પૂનમ પટેલ અને ગીરીશ પૂનમ પટેલ સામે ગુનો નોંધ્યો હતો.

ખંભાતના શક્કરપુરમાં મંદિરની જમીન પર 7 શખસે કબજો જમાવ્યો

ગામના સાત શખ્સોએ ઝુપડા બનાવી ખેતી કરવા લાગ્યા

(પ્રતિનિધિ) ખંભાત તા.12

ખંભાતના શક્કરપુર ગામમાં આવેલા કપિલેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટની જગ્યા પર સાત જેટલા શખ્સોએ ઝુપડા બાંધી ખેતી કરી કબજો કરી લીધો હતો. આ અંગે ખંભાત શહેર પોલીસે સાતેય સામે ગુનો નોંધ્યો હતો.

ખંભાતના શક્કરપુરના કપિલેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી પાર્ષદ ભાર્ગવ ભગતે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ખંભાત તાલુકાના શક્કરપુર ગામમાં કપિલેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટની જમીન આવેલી છે. આ ટ્રસ્ટની માલિકીની જમીનમાં હિંમતભાઈ મફતભાઈ, જેણીબહેન મફતભાઈ, વિઠ્ઠલ મફતભાઈ, આકાશ, વિશાલએ છેલ્લા અઢી વર્ષથી ગેરકાયદે કબજો કરી જમીનમાં ઝુંપડા બનાવ્યાં હતાં. આ જમીનમાં ખેતી કરી ઉપજ લઈ રહ્યા છે. આ જમીનની ફરતે મંદિર, ટ્રસ્ટની ફેન્સીંગ હોવા છતાં પોતાની ફેન્સીંગ લગાવી દીધી છે. જેથી ઓગષ્ટ-2022માં ટ્રસ્ટની જમીનની માપણી કરાવીને કમ્પાઉન્ડ દિવાલ બનાવવા ગયા હતા. આ સમયે હિંમત મફતભાઈ તથા વિઠ્ઠલ મફતભાઈ સહિત સાત શખ્સે તેમના સમાજના બીજા માણસોને બોલાવી દિવાલ ન બને તે માટે વિરોધ કર્યો હતો. આ ઉપરાત 7/12માં તેઓના નામ હોવાનું જણાવ્યું હતું. આમ, ઉશ્કેરણી કરી દિવાલ બનાવવાનું કામ અટકાવ્યું હતું.

આ અંગે ખંભાત શહેર પોલીસ મથકે અરજી કરી હતી. આ અંગે ગવારા પોલીસ ચોકીએ જતાં પ્રકાશ ચુનારા, ધવલ ચુનારા પણ ત્યાં આવ્યાં હતાં અને જમીન ખાલી નહીં કરવા જણાવતાં હતાં. તે પછી રહેણાંક સ્થળે જવા નિકળતાં ધવલ ચુનારાએ ગાડીમાં બેસાડી પાર્ષદ ભાર્ગવ ભગતને જણાવ્યું હતું કે, સ્વામી તમારૂ આ જમીનમાં કંઈ આવતું નથી. તમે ખોટી રીતે સમાજના માણસોને હેરાન કરો છો. આમ, જમીન પચાવી પાડી ખાલી કરતાં ન હતાં.

આ અંગે કલેક્ટરમાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ આપતા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં સાતેય શખ્સને ગેરકાયદે કબજો કર્યો હોવાનુ જણાતા કલેક્ટરે તમામ સામે ગુનો નોંધવા આદેશ કર્યો હતો. જેનતા પગલે ભાર્ગવ ભગતની ફરિયાદ આધારે ખંભાત શહેર પોલીસે હિંમતભાઈ ચુનારા, જેણીબહેન, વિઠ્ઠલ, આકાશ, વિશાલ, ધવલ અને પ્રકાશ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખાનપુર પાસે ટ્રક ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

રાજસ્થાનનો યુવક સરસામાન અને કપડા લેવા પાંડરવાડા આવ્યો હતો

(પ્રતિનિધિ) ખાનપુર તા.12

ખાનપુરના પાંડરવાડા ગામ પાસે પુરપાટ ઝડપે જતી ટ્રકે બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જી દીધો હતો. જેમાં રાજસ્થાનના યુવકનું મોત નિપજ્યું હતું.

રાજસ્થાનના ડુંગરપુરના ડુંકા ગામમાં રહેતા નાનાભાઈ વીરાભાઈ ખાંટના ત્રણ પુત્ર અમદાવાદ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. જેમાં વચેટ દિકરો મોહન અમદાવાદથી સવારના ઘરે આવ્યો હતો અને ઘરે આવીને કપડા લેવા માટે ખાનપુરના પાંડરવાડા ગામમાં ગયો હતો. આ દરમિયાન સાંજના મોહન નાનાભાઈ ખાંટની બાઈકને પાંડરવાડા ગામ પાસે અકસ્માત થયો હોવાનું જાણવા મળતાં નાનાભાઈ ખાંટ તાત્કાલિક પાંડરવાડા દોડી આવ્યાં હતાં. તેઓએ હાજર લોકોને પુછતા જાણવા મળ્યું હતું કે, ટ્રક નં.જીજે 17 યુયુ 6363ના ચાલકની બેદરકારીથી મોહનની બાઈક સાથે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં મોહનને ગંભીર ઈજા પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન સ્થળ પર મુકી ભાગી ગયો હતો. આ અંગે ખાનપુર પોલીસ મથકે ટ્રક ચાલક સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં હતાં.

બોરસદમાં પ્રતિકાત્મક દાંડી યાત્રા દ્વારા મીઠાના કાયદાનો ભંગ કરાયો

દાંડીકૂચની 95મી સ્મૃતિ અંતર્ગત મુખ્ય કુમાર શાળા દ્વારા કાર્યક્રમ

(પ્રતિનિધિ) આણંદ તા 12

12 માર્ચ - દાંડી યાત્રા દિન છે. તે નિમિત્તે બોરસદ ખાતે પ્રતિકાત્મક દાંડી યાત્રાનુ આયોજન કરવામાં આવ્યું હતું. મીઠા જેવી જીવન ની પાયાની જરૂરીયાતની વસ્તુ ઉપર કર અને તેના ઉત્પાદન પર સરકારી નિયંત્રણ ના વિરોધમાં અમદાવાદ ગાંધી આશ્રમથી નીકળી દાંડી સુધી પદયાત્રા કરી મહાત્મા ગાંધી એ ચપટી મીઠું ઉપાડી ધરપકડ વહોરી અને દેશમાં ક્રાંતિ ની ચિનગારી જલાવી એ વાત ને 95 વર્ષ પૂર્ણ થયાં છે. દાંડી યાત્રાની યાદ તાજી કરવા મુખ્ય કુમાર શાળા બોરસદ ખાતે આચાર્યા રન્નાબેન વ્યાસ ના માર્ગદર્શનમાં મુખ્ય કુમાર શાળાના શિક્ષક ગણ ધ્વારા બુધવારે દાંડી યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું

રઘુપતિ રાઘવ રાજારામ ભજન બાદ દાંડી યાત્રા શાળાએથી નીકળી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું પાત્ર ધોરણ 08 ના વિદ્યાર્થી ચિરાગ ધ્વારા રજૂ કરાયું હતું. આ ઉપરાંત વિવિધ બાળકો જવાહર લાલ નેહરુ અને સરોજીની નાયડુ અને આશ્રમવાસીઓની વેશભૂષામાં સજ્જ હતા. ગાંધીજી ના શબ્દો-"કાગડા કૂતરા ના મોતે મારીશ પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમ માં પગ નહી મુકુ." સાથે યાત્રાએ પ્રસ્થાન કર્યું હતું.

માર્ગમાં વિવિધ લોકોએ યાત્રાનું અભિવાદન કર્યું હતું. સરદાર પટેલની પ્રતિમા જે કુવારા વિસ્તારમાં છે જ્યાં કલ્પ વૃક્ષ ફાઉન્ડેશન ના કાર્યકરો હાજર રહ્યા હતા. સરદારશ્રી ને પુષ્પાંજલી બાદ યાત્રા આગળ વધી હતી. ત્યારબાદ નેતાજી સુભાષચંદ્ર બોઝ ની પ્રતિમાને પુષ્પાંજલી કરી દાંડી યાત્રા બોરસદના પ્રવેશ માર્ગ પર આવેલ ગાંધીજીને પ્રતિમા પાસે પહોચી હતી. ત્યાં 'નમક કા કાનૂન તોડ દિયા' ના ઘોષ સાથે દાંડી યાત્રા નુ દ્રશ્ય જીવંત થયુ હતું.

આ પ્રસંગે બોરસદ શહેરના આગેવાનો અને બોચાસણ ના સી.આર.સી.કો. મહેન્દ્રભાઈ રાઠોડ યાત્રામાં જોડાયા હતા . બ્રાંચ 03 કુમાર શાળા ના શિક્ષક ભાવિનભાઈ પટેલ તરફથી બાળકોને આઈસ્ક્રીમ વિતરણ કરવામાં આવ્યુ હતું. મુખ્ય કુમાર શાળાના શિક્ષક વિરામદેવ સિંહ મહિડા તરફથી બાળકોને બિસ્કીટનાં પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તસવીરઃ ભરતસિંહ સોલંકી

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225